# 7. હે જી તારા આંગણિયા



**કવિ દુલા ભાયા કાગ**

જન્મ : ઈ.સ. 1903 મૃત્યુ : ઈ.સ. 1977

દુલાભાઈ કાગ લોકસાહિત્યકાર, ચારણી ભાષા-સાહિત્યના કવિ તરીકે પ્રસિદ્ધ છે. તેમનો જન્મ અમરેલી જિલ્લાના સોડવદરી ગામે થયો હતો. મજાદર ગામ તેમનું વતન. પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેમની યાદ શક્તિ તેજસ્વી હતી. જાત મહેનતે રામાયણ, મહાભારત તથા ચારણી સાહિત્યનો અભ્યાસ કર્યો હતો. કાગવાણીના ભાગ 1 થી 8માં એમનાં કાવ્યો, ભજનો, ગીતો સંઘરાયા છે. તેમની કલમ અને વાણીમાંથી શૌર્ય અને સતવાણી વહેતી હતી.

'આવકારો' ભજનના લોકઢાળમાં રચાયેલ કાવ્ય છે. એમાં આતિથ્યધર્મની વાત સાહજિક રીતે અભિવ્યક્ત કરવામાં આવી છે. આ લોકકવિએ આપણી 'અતિથિ દેવો ભવ'ની ભાવના આ કાવ્યમાં સરળતાથી વણી લીધી છે. આપણા આંગણે કોઈ મહેમાન પધારે ત્યારે એને મીઠો આવકારો આપવાનું કવિ કહે છે, એટલું જ નહીં એ કોઈ દુઃખ, મુશ્કેલી કે સંકટમાં હોય તો તે દૂર કરવા મદદ  કરવી જોઈએ. અતિથિની વાત આદરથી સાંભળીને તેના દુઃખમાં સહાનુભૂતિ વ્યક્ત કરવી તેમજ સાથે બેસી ભોજન કરવું અને આત્મીયતાપૂર્વક વિદાય કરવાની વાત ભજનમાં વ્યક્ત થઈ છે.

પદ્ય સાહિત્યમાં પદ, પ્રાર્થના, ગીત, ભજન વગેરે ગીતના જૂના પ્રકારો છે. આ ભજન ઢાળમાં રચાયેલું કાવ્ય છે. મધ્યકાલીન સાહિત્ય એ મુખ્યત્વે ધર્મના રંગથી રંગાયેલું સાહિત્ય કહેવાયું છે. તેમાં મીરાંબાઈ, આદિકવિ નરસિંહ મહેતા જેવાં કવિઓએ ભજન પ્રકારના કાવ્યો આપ્યા છે. તેનો પ્રધાન સૂર પ્રભુભક્તિને ઈશ્વરપ્રાપ્તિનો હોય છે. જેમાં લય અને ગેયતા વિશેષ હોય છે. જેથી લોકહૈયે રમતું અને ગવાતું રહે છે.

---

હે જી તારા આંગણિયા પુછીને જે કોઈ આવે રે,  
આવકારો મીઠો... આપજે રે જી...  
હે જી તારે કાને સંકટ કોઈ સંભળાવે રે, બને તો થોડું...  
કાપજે રે જી...  
માનવીની પાસે કોઈ... માનવી ન આવે... રે... (2)  
તારા દિવસની પાસે દુઃખિયાં આવે રે આવકારો મીઠો...  
આપજે રે... જી... 1.  
કેમ તમે આવ્યા છો ?... એમ નવ કે'જે... રે... (2)  
એને ધીરે એ ધીરે તું બોલવા દેજે રે - આવકારો મીઠો...  
આપજે રે... જી... 2.  
વાતું એની સાંભળીને... આડું નવ જોજે... રે... (2)  
એને માથું એ હલાવી હોંકારો દેજે રે - આવકારો મીઠો...  
આપજે રે... જી... 3.

'કાગ' એને પાણી પાજે... સાથે બેસી ખાજે... રે... (2)
એને ઝાંપા એ સુધી તું મેલવા જાજે રે - આવકારો મીઠો...
આપજે રે... જી... 4.

## ટિપ્પણ

**આંગણિયા** - ઘરના મુખ્ય દ્વાર સામેની ખુલ્લી જગ્યા **સંકટ** - મુશ્કેલી, દુઃખ **કાપજે** - કાપવું, (અહીં) ઓછું કરવું, ઘટાડવું **દુઃખિયા** - દુઃખી માણસ **આવકારો** - સ્વાગત, આદરમાન **કે'જે** - કહેવું, **નવ** - 'ના' (અહીં) **વાતું** - વાત, રજૂઆત **આડું જોવું** - ધ્યાય ન આપવું **હોંકારો** - 'હં', 'હા', કહેવું તે સંમતિ સૂચક અવાજ **માથું હલાવી** - મનથી સ્વીકારી વાતનો સ્વીકાર કરવો, હકારાત્મક સંકેત મંજૂરી આપવી.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. આપણા ઘરે કોઈ મહેમાન આવે ત્યારે કવિ શું કરવાનું કહે છે ?
2. જ્યારે કોઈ આપણી સામે પોતાનું દુઃખ રજૂ કરે ત્યારે શું કરવું જોઈએ ?
3. મહેમાન પોતાની વાત રજૂ કરતા હોય ત્યારે આપણે શું ન કરવું જોઈએ ?

**પ્રશ્ન 2. આપણા આંગણિયે મહેમાન આવે ત્યારે કેવો વ્યવહાર કરવો જોઈએ ?** - તે કવિતાના આધારે લખો.

**પ્રશ્ન 3. નીચે આપેલા શબ્દો જેવા જ ઉચ્ચાર ધરાવતા શબ્દો શોધીને લખો. તેનો અર્થ જણાવો.**

1. આપજે　　3. જોજે
2. કે'જે　　4. ખાજે

**પ્રશ્ન 4. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

આંધણીયાં, દૂખીયાં, હોકાંરો, જાંપા

**પ્રશ્ન 5. નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

મીઠું, દુઃખી, આવકારો, થોડું

## પ્રવૃત્તિ

1. શાળાની પ્રાર્થના સભામાં કોઈ એક સ્વાગત ગીતનું ગાન કરો.
2. કવિ દુલા ભાય કાગ રચિત અન્ય કાવ્ય વાંચો